**મુદ્દા નં.૪ :– પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલ ધોરણો :–**

The norms set by it for the discharge of its functions :-

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ રાજય સરકારશ્રીએ મહાનગરપાલિકા હદ વિસ્તાર માટે વ્યવસાય વેરાની નોંધણી, રીન્યુ અને ઉઘરાવવા માટે સુરત મહાનગરપાલિકાને " ડેઝીગ્નેટેડ ઓથોરીટી " જાહેર કરેલ છે. જે અનુસાર સુરત શહેર હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર સાથે સંકળાયેલ (એનરોલમેન્ટ સર્ટીફીકેટ) તેમજ કામે રાખનાર એમ્પલોયર–રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ વ્યકિત વર્ગોએ નોંધણી કરાવી વ્યવસાયવેરો સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાનો રહે છે.

- ***વ્યવસાયવેરો ભરપાઈ કરવાને જવાબદાર આર.સી.(રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) કામે રાખનાર કરદાતાઓ માટે પ્રવર્તમાન દરોની માહિતી નીચે મુજબ છે.***

| અ.નં. | વ્યકિતઓનો વર્ગ | માસિક ભરવાનો વેરો |
|---|---|---|
| ૧ | (ક) રાજય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજય અને કેન્દ્ર સરકારના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સિવાયની અન્ય સંસ્થાના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન.– | |
| | (૧) રૂા. ૦/– થી રૂા.૨૯૯૯.૯૯ સુધી | શૂન્ય |
| | (૨) રૂા.૩૦૦૦/– થી રૂા.૫૯૯૯.૯૯ સુધી | ૨૦/– |
| | (૩) રૂા.૬૦૦૦/– થી રૂા.૮૯૯૯.૯૯ સુધી | ૮૦/– |
| | (૪) રૂા.૯૦૦૦/– થી રૂા.૧૧,૯૯૯.૯૯ સુધી | ૧૫૦/– |
| | (૫) રૂા.૧૨૦૦૦/– અથવા તેથી વધુ. | ૨૦૦/– |
| | ***નોંધઃ– એક કર્મચારી પણ કામે રાખેલ હોય અને તેને રૂા.૩૦૦૦/– કે તેથી વધુ માસિક પગાર ચૂકવવામાં આવતો હોય તેવા એમ્પલોયરે આર.સી.નંબર લેવો ફરજીયાત છે. આર.સી.વેરો દર માસની ૧૫ મી તારીખ સુધીમાં ભરપાઈ કરવાનો રહે છે.*** | |

| ***વ્યવસાયવેરો ભરપાઈ કરવાને જવાબદાર નીચે જણાવેલ ઈ.સી. કરદાતાઓએ વાર્ષિક રૂા.૨,૦૦૦/– વેરો ભરપાઈ કરવાનો રહે છે.*** |
|---|
| સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ (એડવોકેટ) |
| તબીબી સલાહકારો (કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો (ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ |
| આર્કિટેકટો, એન્જિનિયરો, આરસીસી કન્સલટન્ટો, ટેકસ કન્સલટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલટન્ટો સહિત ટેકનીકલ અને પ્રોફેશનલ કન્સલટન્ટો. |
| વીમા અધિનિયમ,૧૯૩૮(સને ૧૯૩૮ ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાયસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો, ઈન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરો અથવા લોસ એસેસરો. |
| બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોન્ટ્રાકટરો, કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો. |
| ઓટોમોબાઈલ બ્રોકર્સ, ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી.ઓપરેટર્સ, ફિલ્મ વિતરકો. |
| વિજ્ઞાપન એજન્સીઓના માલિકો, ટયુશન કલાસીસ અથવા ટયુટોરીયલ ઈન્સ્ટીટયુશન્સના માલિકો. |
| કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પૂરી પાડનારાઓ. |
| ડ્રાઈવિંગ સ્કૂલના માલિકો, મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો, આંગડિયા અથવા કુરિયર સેવા પૂરી પાડનારા. |
| હેલ્થ કલબ અને મનોરંજન કલબના માલિકો. |
| વાયદા–સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસિયેશનના સભ્યો. |
| સિકયોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ ના ૪૨ માં હેઠળ માન્ય થયેલા સ્ટોક એકસચેન્જના સભ્યો. |
| ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોના માલિકો અને કોઈપણ ઓઈલ પંપો અને સર્વિસ સ્ટેશનો ભાડા પેટે આપ્યા હોય ત્યારે તેવા પેટે લેનારાઓ. |

| |
|---|
| મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ ના મુંબઈના ૭૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારૂ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો. |
| કંપની અધિનિયમ, ૧૯૫૬ હેઠળ રજિસ્ટર થયેલી અને કોઈપણ વ્યવસાય, વ્યાપાર અથવા ધંધો કરતી પબ્લીક લિમિટેડ અથવા પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ. |
| ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યકિતઓ અથવા સંસ્થાઓ. |
| બેન્કિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેન્કિંગ કંપનીઓ. |
| ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થયેલી હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ.–<br>(ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર અથવા ધંધામાં રોકાયેલી રાજય સ્તરની મંડળીઓ અને જિલ્લા સ્તરની મંડળીઓ.<br>(ખ) સરકારી સુગર ફેકટરીઓ અને સહકારી સ્પિનીંગ મિલો. |
| એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાકટરો. |
| વિડિયો પાર્લર્સ અથવા વિડિયો લાયબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા બીજા કોઈપણ વિડિયો અથવા વિડિયો લાયબ્રેરી અથવા તે બન્ને ભાડા પેટે આપેલ હોય ત્યારે તેનેભાડા પેટે રાખનાર. |
| કોઈપણ વ્યવસાય, વ્યાપાર અથવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ ના ૯ મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢીઓ. |
| કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ ના ૬૩ મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપનીના ભોગવટેદારો. |
| મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ ના મુંબઈના ૩૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે જે સંસ્થામાં વર્ષ દરમિયાન દિવસ દીઠ આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો. |
| મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯મા) હેઠળ ભાડાથી અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકૂળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનોના પરમીટ ધારકો જયારે આવી કોઈ વ્યકિત બે થી વધુ ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ,ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે |
| મુંબઈ નાણાંની ધીરનાર કરનારાઓ બાબતના અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર કરનારાઓ. |

**** ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું કુલ વાર્ષિક ટર્ન ઓવર પ્રમાણે નીચે મુજબ વાર્ષિક વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે.***

| | |
|---|---|
| (૧) રૂા.૨,૫૦,૦૦૦/– થી વધુ ન હોય તો | શૂન્ય |
| (૨)રૂા.૨,૫૦,૦૦૦/– થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/– થી વધુ ન હોય તો | રૂા.૫૦૦/– |
| (૩) રૂા.૫,૦૦,૦૦૦/– થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/– થી વધુ ન હોય તો | રૂા.૧૨૫૦/– |
| (૪) રૂા.૧૦,૦૦,૦૦૦/– થી વધુ હોય તો | રૂા.૨૪૦૦/– |